RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

(ગુજરાતી માસિક)


**VALAM BRAHMAN GNATI VARTMAN** (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૪★વર્ષ-૭૬★માસઃ ચૈત્ર-વૈશાખ★સંવત-૨૦૮૧★તા. ૦૫-૦૪-૨૦૨૫

વાર્ષિક લવાજમ રૂા.૫૦ ★ છુટક નકલ રૂા. ૫=૦૦

સંપાદક : કીર્તન દીક્ષિત તંત્રી : જયપ્રકાશ શુકલ



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ



બ્રહ્મર્ષિ સંતશ્રી પુનિત મહારાજ રચિત

## અંતરનું રામરાજ્ય

(રાગ :
ઉઘાડો આંખો આયુષ્ય વહી જાય છે.)

જુઓ અંતરની અંદર રામજીનું રાજ્ય છે.
હૃદય તણી અયોધ્યાનગરી
સરયૂ શ્વાસોચ્છવાસ છે.
બુદ્ધિ શ્રી જાનકી રામની સંગાથ છે.
ચંચળ મન શ્રી હનુમાનજી
રામ ચરણમાં શાંત છે.
શાંતિ સ્વરૂપે બેઠા કૌશલ્યાજી માત છે.
ધીરજની મૂર્તિ જેવા સુમિત્રા સાક્ષાત છે.
આવેશ લક્ષ્મણના માથે સદાયે એનો હાથ છે.
સમભાવ શ્રી શત્રુઘ્નજી,
ખંત સુમંત્ર પ્રધાન છે.
વિવેકના સ્થાન ઉપર વશિષ્ઠનું સ્થાન છે.
અવિદ્યા-કૈકેયીનો પુત્ર
ભરત જીવ સમાન છે.
રામની બદલીમાં ભરત અવિદ્યાનું કામ છે.
ભરત પ્રભુનો બનતા એકતા દેખાય છે.
"પુનિત" એ જીવ-શિવ બે એકરંગી થાય છે.

-: પ્રમુખ :-
રશ્મીકાંત આચાર્ય
મો. ૯૭૨૬૪૭૫૮૮૪
-: ઉપપ્રમુખ :-
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
-: મંત્રી :-
દિલીપભાઈ દીક્ષિત
મો. ૯૧૦૬૩૧૫૪૬૯
-: તંત્રી :-
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
-: ખજાનચી :-
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
-: કાર્યાલય મંત્રી :-
જયેશભાઈ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
-: સહતંત્રીઓ :-
મિતેશભાઈ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
કૌશલ પુરોહિત
મો. ૯૭૨૫૭૬૮૭૮૯
જયેશ પંડ્યા
મો. ૯૭૩૭૨૫૫૭૭૭
સુશીલભાઈ વ્યાસ
મો. ૯૯૭૯૭૫૮૭૦૨
-: કન્વીનર મંદિર કમિટી :-
મહેશભાઈ દીક્ષિત
મો. ૯૯૯૮૪૮૫૯૩૯
: કન્વીનર છાત્રાલય કમિટી :
ભદ્રેશભાઈ પુરોહિત
મો. ૯૮૭૯૨૫૯૦૫૫
: વ્યવસ્થાપક છાત્રાલય :
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
:કન્વીનર શિક્ષણ કમિટી:
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
:કન્વીનર વેબસાઈટ કમિટી:
અપૂર્વ પંડ્યા
મો. ૯૭૨૭૭૧૯૬૪૩
-: ટ્રસ્ટી મંડળ :-
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોષી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેષભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોષી
૯૪૨૬૩૬૭૦૧૯

## તંત્રી સ્થાનેથી ...

**યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા :।**
**યત્રૈતાસ્તુ ન પૂજ્યન્તે સર્વાસ્તત્રાફલા: ક્રિયા: ॥**

જ્યાં નારીને પૂજ્ય ગણી સન્માનિત કરવામાં આવે છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. જ્યાં આમ કરવામાં નથી આવતું ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ જાય છે. ઉપરોક્ત ઉક્તિને સાર્થક કરતાં સમગ્ર વિશ્વમાં તા. ૮ માર્ચના રોજ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. નારી શક્તિને આપણી સંસ્કૃતિમાં હંમેશા પૂજનીય ગણવામાં આવી છે. એક શરીરમાંથી બીજા શરીરને જન્મ આપનારી માતૃશક્તિ હંમેશા પૂજ્ય હોય જ ! તાજેતરમાં ભારતીય મૂળના ગુજરાતી પરિવારમાં જન્મેલા સુનિતા વિલિયમ્સ પૃથ્વીથી ૨૫૪ માઈલ દૂર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં નવ માસ જેટલો સમય રહીને પોતાનું સંશોધન કાર્ય સફળતાપૂર્વક પાર કરીને પૃથ્વી પર પાછા ફર્યા, જે ઘટના ઉપરસમગ્ર વિશ્વની નજર હતી. આ ક્ષણની ઉજવણી અમેરિકા સહિત સમગ્ર ભારતમાં કરવામાં આવી. - જે કર ઝુલાવે પારણું, તે જગ પર શાસન કરે- આ ઉક્તિને સાર્થક કરતા વિશ્વ ફલક ઉપર ભારતીય મૂળના મહિલા સુનિતા વિલિયમ્સની સફળ સ્પેસ યાત્રા આપણા સહુના માટે ગૌરવપ્રદ ઘટના છે. મહામંડળના પરિપેક્ષ્યમાં વાત કરીએ તો કારોબારી સમિતીમાં દરેક વિભાગ દીઠ ૨ મહિલા અનામત સીટ કારોબારી સભ્યની છેલ્લા કેટલાક વર્ષોથી નિયત કરેલ છે. પરંતુ મહિલા સભ્યો જોઈએ એવા ઉત્સાહ સાથે કોઈ પ્રવૃત્તિ કરતા જોવા મળ્યા નથી. વર્ષો પૂર્વે જ્યારે આવી કોઈ અનામત સીટ નહોતી તેવા સમયમાં બે મહિલા જ્ઞાતિસેવક એવા સ્વ. પૂ.વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્ય તથા સ્વ. પૂ. હર્ષિદાબેન કૃષ્ણકાંત જોષી પુરુષ સભ્યોની સાથે ચૂંટણીમાં ઝંપલાવી ચૂંટાઈ આવતા, તેમજ લોન સહમંત્રી જેવા હોદ્દા પર રહી મહિલા ઉત્કર્ષ માટે સિવણ લોન વગેરે કાર્યો બહેનો માટે કરતા. કોઈ વખત કારોબારી સમિતીમાં કોઈ સભ્ય ગેરબંધારણીય વર્તન કરે અથવા અપશબ્દ બોલે તો આ બે માતાઓ તેની બરાબર ખબર લેતી પણ જોવા મળેલ છે. પુરુષ સમોવડી જ્ઞાતિસેવક આ બંને માતાઓને વિશ્વ મહિલા દિને વંદન. હાલના મહિલા કારોબારી સભ્યોને પણ આવા વડીલો પાસેથી પ્રેરણા લઈ મહામંડળના નેજા હેઠળ મહિલા ઉત્કર્ષના કામ કરવા માટે વિનંતી છે. સમાજની વિધવા, ત્યક્તા બહેનોને પગભર બનાવીશું તો જ તેમના કુટુંબની સાચી સેવા થઈ ગણાશે. વિશ્વ મહિલા દિવસે જ્ઞાતિ સેવા માટે તત્પર એવી તમામ માતૃશક્તિને વંદન.



સ્વ. પૂ. હર્ષિદાબેન જોષી



સ્વ. પૂ.વાસંતીબેન આચાર્ય

## મહામંડળના પ્રમુખ તરીકે સેવા આપનાર એકમાત્ર જ્ઞાતિસેવક પિતા-પુત્ર બેલડી




### ભોળાશંકર પ્રેમજીભાઈ વ્યાસ

જન્મ : ૩૦-૦૧-૧૮૯૭ અવસાન : ૧૭-૦૩-૧૯૫૭

સોરઠ ક્ષેત્રના રિબવાળા વ્યાસ પરિવારના ભોળાશંકર વ્યાસ મહામંડળના સ્થાપક સભ્યો પૈકીના એક હતા. જીવકોર વનિતા વિશ્રામ, ખાડીયા, અમદાવાદમાં હેડમાસ્તર તરીકેની સેવાઓ દરમ્યાન સંતશ્રી પુનિત મહારાજની સાથે મહામંડળની પ્રવૃત્તિઓમાં કાર્યરત થયા. સને ૧૯૫૦માં મહામંડળના પ્રમુખ થયા. ૧૯૪૮માં વલભીપુર વાઘેશ્વરી માતાની પ્રાણપ્રતિષ્ઠામાં પણ તેમનું યોગદાન નોંધનીય હતું. સોરઠ વા.બ્રા. જ્ઞાતિ મંડળના સંગઠનમાં શરૂઆતથી જ પાયાના કાર્યકર હતા. ભૌગોલિક રીતે દૂર સોરઠ વિભાગને મહામંડળ થકી સમગ્ર જ્ઞાતિ સાથે જોડવાનું પુનિત કાર્ય ભોળાશંકર વ્યાસે સુપેરે નિભાવ્યું.

### રતિકુમાર ભોળાશંકર વ્યાસ



જન્મ : ૧૦-૦૮-૧૯૨૧ અવસાન : ૧૨-૦૫-૧૯૯૦

કવિ દુલાકાગના એકમાત્ર શિષ્ય એવા અને જાણીતા લોકગાયક રતિકુમાર પણ પિતાની જેમ મહામંડળ થકી જ્ઞાતિ પ્રવૃત્તિમાં જોડાયા હતા. પડછંદ અવાજ, લાંબા વાળ સફેદ ખાદીની સુરવાર અને લાંબુ કાઠીયાવાડી પહેરણ તેમની વિશેષતા હતી. ટીવી કલાકાર તેમજ હિન્દી અને ગુજરાતી સિનેમામાં પ્લેબેક ગીત સંગીત આપનાર પ્રખર કલાકાર રતિકુમારે ૧૯૭૭-૭૯ એમ બે વર્ષ મહામંડળના પ્રમુખ તરીકે નોંધનીય સેવાઓ આપેલ.

૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત સ્થાપના થઈ તે દિવસે પૂ. રવિશંકર મહારાજના વરદ હસ્તે દીપ પ્રગટાવી ગુજરાત રાજ્યની સુકાન ડૉ. જીવરાજ મહેતાને સોંપી. આ પ્રસંગે રતિકુમાર વ્યાસ દ્વારા જય જય ગરવી ગુજરાતનું મંગળ ગાન કરવામાં આવેલ.

પિતા અને પુત્ર બંને મહામંડળના પ્રમુખ બન્યા હોય એમ અત્યારે તો પહેલી અને છેલ્લી વારની ઘટના છે.



**નવચેતન ઈન્ટરનેશનલ ઈવેન્ટ એરેન્જર**

લગ્નગીત, ગરબા, મહેંદી ગીત, મહેંદી ડિઝાઈન, સંગીત સંધ્યા, ફંડ રેઈઝ કાર્યક્રમ, માઠા પ્રસંગે ભજન સંધ્યા, કેરીઓકે ઉપર તેમજ લાઈવ એન્કર – ફીમેલ સીંગર / મેલ સીંગર તેમજ

**એક યાદ રફી કે બાદ - બંકીમ પાઠક : સંપર્ક : ૯૮૨૪૦ ૯૮૮૪૮, ૯૮૨૪૦ ૯૮૮૫૮**

જીવનના દરેક પ્રસંગને યાદગાર બનાવવા અમદાવાદ તથા ગુજરાતના કોઈપણ શહેર-ગામમાં કાર્યક્રમ માટે સંપર્ક કરો

# જ્ઞાતિ સમાચાર

**લગ્ન સમાચાર :** સ્વ. કિશોરચંદ્ર રવિશંકર દીક્ષિત તથા સ્વ. હંસાબેનની પૌત્રી ચિ.ડૉ. તર્ષાંગી (કલ્પેશભાઈ તથા નેહાબેનની સુપુત્રી)ના શુભલગ્ન ચિ.ડૉ. સાહિલ (રાજેશભાઈ શાહ તથા મનીષાબેનના સુપુત્ર) સાથે તા. ૨૫/૦૨/૨૦૨૫ના રોજ સંપન્ન થયેલ છે. ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**નવું સરનામું :** પ્રિયાંક વિજય આચાર્ય, એ-૭૦૨, કાજલ બ્લોસમ, વર્ધમાન નગર સામે, દાદા સાહેબના પગલાં પાસે, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

**નવું સરનામું :** ઋષિ ભરત આચાર્ય, એ/૫૦૨, કાજલ બ્લોસમ, વર્ધમાન નગર સામે, દાદા સાહેબ પગલા દેરાસર, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.



શ્રી યોગેન્દ્રભાઈ જોશી

## સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગોંડલ પ્રમુખની વરણી

સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગોંડલના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ એચ. પંડ્યાનું દુઃખદ અવસાન થતા જ્ઞાતિ ખૂબ જ દુઃખની લાગણી અનુભવે છે. જ્ઞાતિના સુચારુ સંચાલન માટે તેમની ખાલી પડેલી જગ્યા પર જ્ઞાતિના ચુંટાયેલા ટ્રસ્ટી શ્રી યોગેન્દ્રભાઈ મૂળવંતરાય જોશીની જ્ઞાતિના ટ્રસ્ટીઓએ પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરી. તેમને જ્ઞાતિ સેવા કરવા વાઘેશ્વરી માતાજી શક્તિ આપે તેવી શુભેચ્છા સહ અભિનંદન. (યોગેન્દ્રભાઈ જોષી (મો. નંબર : ૯૪૨૭૭ ૨૯૪૭૧))

## શ્રી અમદાવાદ વા.બ્રા. મહિલા મંડળ

અમદાવાદ વા.બ્રા. મહિલા મંડળ દ્વારા તા. ૮-૩-૨૫ ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આનંદના ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન વિવિધ ક્ષેત્રમાં સિદ્ધ મેળવનાર મહિલાઓ તેમજ મંડળના વડીલ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે બહેનોએ ગરબાની રમઝટ બોલાવી. કાર્યક્રમ દરમ્યાન મહામંડળ તથા માનવતા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ, ટ્રસ્ટીઓ, અ.વા.બ્રા.યુવક મંડળના પ્રમુખ, મંત્રી તથા કારોબારી સભ્યોએ મહિલા મંડળના આમંત્રણને માન આપી હાજરી આપીને મહિલા મંડળને વધુને વધુ સફળ કાર્યક્રમ યોજના પ્રોત્સાહિત કરેલ. કાર્યક્રમના અંતે પ્રસાદ તથા હળવા ભોજનની મજા માણી સૌ છુટા પડ્યા.



## અભિનંદન



મૂળ ધંધુકા હાલ વડોદરા નિવાસી શ્રી વિનયચંદ્ર ઘનશ્યામલાલ અધ્વર્યુ તથા પદ્માબેનની પૌત્રી પ્રિયાંકી (નિખીલભાઈ તથા પ્રિતીબેનની સુપુત્રી)ની ઉજ્જવળ તથા વ્યવસાયિક કારકિર્દી માટે હાર્દિક અભિનંદન સહ શુભકામના.

**Academic Achievement :**

**1.** Batchelor in Account and Finance in March 2020 with Grade A from Mumbai University. **2.** Diploma in Banking and Finance from NMIMS Mumbai in July 2023. **3.** Masters of Commerce ACCA(Association of Chartered Certified Accountants) in June 2024 with 7.63 CGPA out of 10 **4.** ACCA Association of Certified Chartered Analyst in January 2025. Completed all 13 Papers out of 13. Examination held from United Kingdom. With the Degree of ACCA she has become Chartered Analyst on Global Level as her ACCA degree valid worldwide in the field of Banking and Finance. Priyanki has achieved all the Degrees in the field of Finance and she has been selected on Merit for World No. 1 Finance Organisation DELLOITE as a RISK ANALYSER Working with Deloitte from Last 1.5 years for Various clients in India as well as worldwide.

## તાજેતરમાં અવસાન પામેલ નીચેના સ્વજનોના આત્માની શાંતિ માટે પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ

★ યુકે : રમેશચંદ્ર નંદુભાઈ ગોર
★ યુકે : વસુંધરાબેન સુધાકાન્ત પંડ્યા
★ યુકે : યોગેશભાઈ મધુસુદન આચાર્ય
★ અમદાવાદ : જે.સી. ઉપાધ્યાય (નિવૃત્ત હાઈકોર્ટ ન્યાયાધીશ)
★ મુળી : ચંદ્રકાન્ત માણેકલાલ ભટ્ટ
★ કાલોલ : વિજયભાઈ રમણલાલ ઠાકર
★ સાણંદ : સવિતાબેન વિનુભાઈ ભટ્ટ
★ ગાંધીનગર : મંજુલાબેન સનતભાઈ પંડ્યા
★ ધ્રાંગધ્રા : જશુબેન કાન્તિલાલ જોશી
★ ગાંધીનગર : પંકજભાઈ રસિકલાલ જોષી
★ રાજકોટ : લીલાવતીબેન મહેશભાઈ ઉપાધ્યાય

જ્ઞાતિજનોને જણાવવાનું કે આપના અનુદાન મહામંડળના નીચેના એકાઉન્ટમાં સીધા જમા કરાવી શકો છો.

**A/c. Name : Shri Valam Brahman Mahamandal**
**Bank : Central Bank of India** **Branch : Vasna Br., Ahmedabad.**
**A/c. No. : 1059037810** **IFSC Code : CBIN0281463**

**રકમ જમા કરાવ્યાની જાણ રકમના હેતુ સાથે ખજાનચીશ્રી ભરત ભટ્ટને મો. નંબર - 9510893585 ઉપર અનિવાર્ય રૂપે કરાવવા વિનંતી.**

## વાલમ વર્તમાન સ્પોન્સરશીપ યોજના

**વાલમ વર્તમાનના એક અંકના પ્રાયોજક - સ્પોન્સરશીપ માટે
વાલમ વર્તમાન સહાય પેટે રૂા. ૧૦૦૦૦/- અનુદાન આપી
વાલમ વર્તમાનના સ્પોન્સરર બની શકાય છે.
સ્પોન્સરરને તેમની મેટર માટે એક પાનું ફ્રીમાં આપવામાં આવે છે.
સર્વે જ્ઞાતિજનોને આ યોજના અંતર્ગત
વાલમ વર્તમાન સ્પોન્સરશીપ માટે આગળ આવવા નમ્ર વિનંતી છે.**


NRM
SYNERGY
*We Make Things Possible*



**Student Visa/PR**

**DHAVAL JOSHI
(Visa Expert)
+91 9725676019**

Reach us to Reach Abroad



**વિદ્યાવાચસ્પતિ ડૉ. કૌશિકભાઈ જમનાશંકર મહેતાના વોટ્સએપ મેસેજ -ગમ્યું એટલે વહેંચ્યું- માંથી સાભાર**



માતૃભાષા દિવસ

સહજ રીતે ગુજરાતી સમજીને બોલાતા અનેક ભાષાના શબ્દો

અંગ્રેજી શબ્દો : સ્ટેશન, ટિકિટ, રેલ્વે, સોફા, સાઈકલ, માસ્તર

અરબી શબ્દો : ખબર, તપાસ, વતન, અમીર, ઉમદા, ખર્ચ

ફારસી શબ્દો : અવાજ, જમીન, આસમાન, મહેમાન

તુર્કી શબ્દો : ચમચો, જાજમ

મરાઠી શબ્દો : ટકાઉ, ચળવળ, વાટાઘાટ

બંગાળી શબ્દો : દીદી, મહાશય, બાબુ

ઉર્દુ શબ્દો : શહીદ, સુહાગ, નૌજવાન, જિંદગી, આઝાદ

પોર્ટુગીઝ શબ્દો : આફુસ, મેજ, તમ્બાકુ

આવા ઘણા શબ્દો ઘણી ભાષાના હશે જ.. ઉમેરી શકાય... બીજી ભાષામાં આપણાં શબ્દો પણ હશે !

---

પૂર્ણાંક નવ

નવ ભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, અર્ચન, ચરણસેવન, વંદન, સખ્ય, દાસ્ય, આત્મસમર્પણ

નવ ખંડ : ઈલાવ્રત, ભદ્રાશ્વ, હરિવર્ષ, કિમ્પુરુષ, કેતુમાલ, રમ્યક, ભારત, હિરણ્યમય, ઉત્તરુક

નવ રત્ન : મુક્તા, માણેક, વૈદૂર્ય, ગોમેદ, વજ્ર, મરકત, પદ્મરાગ, નીલ, વિદ્રુમ

નવ રસ : શ્રુંગાર, હાસ્ય, કરુણ, વીર, રોદ્ર, બીભત્સ, અદ્‌ભૂત, સૌમ્ય, ભયાનક

નવ ગુપ્ત રાખવાની બાબત : આયુ, ધન, મંત્ર, કુટુંબ રહસ્ય, ઔષધ, મૈથુન, તપ, દાન, અપમાન

નવ દુર્ગુણ : લોભ, જૂઠ, ચોરી, દુર્જનતા. સ્વધર્મત્યાગ, કલહ, દંભ, કપટ, દરિદ્રતા

નવ બાબત શોભે નહિ : સેનાપતિ વગરનું સૈન્ય, પંડીત વિણ વિદ્યા, સજ્જન કે સાધુની નિંદા, સૌભાગ્ય વિણ રુપ, રાજ વિણ રાજા, ગૌ વિણ આંગણ, ધર્મ વિણ જીવન, ત્યાગ વિણ સંન્યાસ

નવ નિધિ : પદ્મ, નીલ, મહાપદ્મ, મુકુંદા, નંદ, મકર, કચ્છપ, શંખ, ખર્વ


મધુવન ફાર્મ પાર્ટી પ્લોટ
શુભ લગ્ન પ્રસંગે, રીસેપ્શન, બર્થ ડે પાર્ટી, સગાઈ વિધી, કોર્પોરેટ પાર્ટી, ઈવેન્ટ માટે
વિશાળ પાર્કિંગની સુવિધા સાથે પાર્ટીપ્લોટ ભાડે મળશે.
ચારધામ મંદિર સામે, પૂનમપૂરા પાટિયા, નેનપુર ચાર રસ્તા પાસે, ગામ સણસોલી, મહેમદાવાદ રોડ, મહેમદાવાદ, જી.ખેડા
બુકીંગ માટે (M) 9898946136/9879187484

કાઠીયાવાડનો સ્વાદ હવે આપના દરવાજે...
કાઠીયાવાડી । પંજાબી । ચાઈનીઝ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ઓર્ડર માટે : (M) 9558811479
કાઠીયાવાડી ઢાબા
૧૦,૧૧,૧૨, અક્ષરધામ રેસીડેન્સી, ડી-માર્ટ પાસે, નિકોલ-હરીદર્શન રોડ, નવા નરોડા, અમદાવાદ-૩૮૦૦૪૯.

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી

૧૫૦૦ નરેન્દ્ર ગુણવંતરાય મહેતા, બોસ્ટન, યુ.એસ.એ., વા.વ. સહાય, ચિ. નીલ અને ચિ. આકાંક્ષાના લગ્નની મેટર વા.વ.માં છપાવવા, ૧૭૮૭૬

૩૦૦૦ નરેન્દ્ર ગુણવંતરાય મહેતા, બોસ્ટન, યુ.એસ.એ., તિથીદાન, નરેન્દ્ર ગુણવંતરાય મહેતા-ચારૂલ નરેન્દ્ર મહેતા (૨૫/૧૧), મિત નરેન્દ્ર મહેતા-નિલમ મીત મહેતા (૧૯/૦૨), ડૉ. નીલ મહેન્દ્ર મહેતા-ડૉ.આકાંક્ષા નીલ મહેતા (૪/૨), ૧૭૮૭૭

૧૦૧ વ્રજ નિલેશકુમાર ઉપાધ્યાય, કુળદેવી ભેટ, ૧૭૮૮૨

૨૫૧ મધુસુદનભાઈ ઉપાધ્યાય, કુળદેવી ભેટ, તા. ૪ એપ્રિલના રોજ જન્મદિવસ નિમિત્તે, ૧૭૮૮૩

૫૦૦ દેવેન્દ્રનાથ પ્રમોદરાય આચાર્ય, શિકાગો, યુ.એસ.એ., કેળવણી ફંડ, ૧૭૮૮૪

૨૦૦૦૦ વિશાખાબેન પિયુષકુમાર આચાર્ય, હિરેનકુમાર નંદકિશોર અધ્વર્યુ, રોહિણીબેન મહેશકુમાર ઓઝા, ધર્મેન નંદકિશોર અધ્વયુ, કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમાં ફોટા મૂકવા, સ્વ. નર્મદાશકર ગીરજાશંકર અધ્વર્યુ, સ્વ. શાંતાબેન નર્મદાશંકર અધ્વયુ, સ્વ. નંદકિશોર અધ્વર્યુ, સ્વ. મૃદુલાબેન નંદકિશોર અધ્વર્યુ, ૧૭૮૮૫

૫૦૦ વિજય જી. આચાર્ય, કુળદેવી ભેટ, નવા ઘરમાં ગૃહપ્રવેશ નિમીત્તે વા.વ. સહાય, ૧૭૮૮૬

૫૦૦૧ વત્સલ સુરેશચંદ્ર આચાર્ય, અન્ય ફંડ, કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરના હોલમાં સ્વ. સુરેશચંદ્ર આચાર્યનો ફોટો મૂકવા, ૧૭૮૮૭

૫૦૦ નિખીલ વિનયચંદ્ર અધ્વર્યુ, વા.વ. સહાય, સુપુત્રી ચિ. પ્રિયાંકીની વિગત વા.વ. માં છાપવા, ૧/૪ પાનું, ૧૭૮૮૮

૫૦૦ જીતેશ નટવરલાલ (સનતભાઈ) પંડ્યા, કુળદેવી ભેટ, માતુશ્રી સ્વ. મંજુલાબેનના આત્માની શાંતિ અર્થે કુળદેવીના ચરણોમાં, ૧૭૮૮૯

૫૦૦ ઋષિ ભરત આચાર્ય, વા.વ. સહાય, નવા ઘરમા ગૃહ પ્રવેશ નિમિત્તે, ૧૭૮૯૦

૧૦૦૦ અમદાવાદ વાલમ બ્રાહ્મણ યુવક મંડળ (ધંધુકા ક્ષેત્ર) વા.વ. સહાય, વા.વ. માં મેટર છપાવવા, ૧૭૮૯૧

૧૦૦૦ સુધીરભાઈ નરહરીભાઈ વ્યાસ, તિથિદાન સ્વ. મંજુલાબેન સુધીરભાઈ વ્યાસ, ચૈત્ર સુધ ૧૦, ૧૭૮૯૨

૫૦૦ નિલેશભાઈ જયંતિલાલ શુક્લ, વા.વ. સહાય, વા.વ.માં મેટર માટે, ૧૭૮૯૩

૫૦૦ જૈમિનભાઈ ચંદ્રકાંતભાઈ પંડ્યા, વા.વ. સહાય, વા.વ.માં મેટર માટે, ૧૭૮૯૪

## વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર આવેલ ભેટ તથા વસ્તુ ની યાદી

૧૦૦ પાયલબેન જોષી, હ. ભાવનાબેન, ૧૪૭૭

૧૦૦ કિર્તીબેન યોગેશભાઈ જોષી, ૧૪૭૮

૧૧૦૦ અરૂણભાઈ પુરોહિત, ૧૪૭૯

૫૦૦ ઘનશ્યામ જમનાશંકર આચાર્ય, ડૉ. રિકકીન તથા રીનેલના લગ્નપ્રસંગે ભેટ, ૧૪૮૦

૧૦૦૦ સ્વ. અંજુબેન રમેશભાઈ પંડ્યા, મહાવદ

૭, હ. જીજ્ઞાબેન પંડ્યા, ૧૪૮૧

૧૦૦ મનીષા વિશાલકુમાર દેસાઈ, ૧૪૮૨

૨૦૦ દેવાંગ કૌશિકભાઈ પંડ્યા, ૧૪૮૩

૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૪૮૪

૧૦૦ વેદિકા અમિત આચાર્ય, ૧૪૮૫

૨૦૦ પ્રિયાંક વિજયભાઈ આચાર્ય, ૧૪૮૬

૧૫૦ હિરલ પ્રિયાંક આચાર્ય, ૧૪૮૭

૧૫૦ સિદ્ધિ પ્રિયાંક આચાર્ય, ૧૪૮૮

૨૦૦ કીર્તન રાજેન્દ્રભાઈ દીક્ષિત, પુનિતેશ્વર મહાદેવના ચરણોમાં ભેટ, ૧૪૮૯

૨૦૦ ભરત આર. ભટ્ટ, ૧૪૯૦

૨૫૦ આરાધ્યા બ્રિજેશ આચાર્ય, તા.૨૬-૨-૨૫ જન્મદિવસ નિમિત્તે પુનિતેશ્વર મહાદેવના ચરણોમાં ભેટ, ૧૪૯૧

૨૦૦ સ્વ. શારદાબેન બળવંતભાઈ દીક્ષિત, હ. સતિષભાઈ દીક્ષિત, ૧૪૯૨

૧૦૦ જ્યોત્સનાબેન સુર્યકાંત ભટ્ટ, જન્મદિવસ નિમિત્તે પુનિતેશ્વર મહાદેવના ચરણોમાં ભેટ, ૧૪૯૩

૧૦૦ ઉદય જગદીશચંદ્ર દીક્ષિત, ૧૪૯૪

૧૦૦ હર્ષદરાય પ્રતાપરાય દીક્ષિત, ૧૪૯૫

૨૦૦ યોગેશભાઈ પી. પાઠક, પુનિતેશ્વર મહાદેવના ચરણોમાં ભેટ, ૧૪૯૬

૨૦૦ ઋષિ ભરત આચાર્ય, ૧૪૯૭

૨૦૦ રશ્મિકાંત કૃષ્ણકાંતભાઈ આચાર્ય, ૧૪૯૮

૧૦૦૦ ઉર્વી અને અમી આચાર્ય, ૧૪૯૯

૧૫૦ સ્વ. શ્રી કોકિલાબેન રશ્મિકાંત ભટ્ટ ના સ્મરણાર્થે, ૧૫૦૦

૮૦૦૦ આર્મી ઈન્ફેટીક પ્રા.લી. મિટીંગ, ૧૫૦૧

૩૨૦૦ આર્મી ઈન્ફેટીક પ્રા.લી. મિટીંગ, ૧૫૦૨

૫૦૦ હર્ષ તથા નિધીબેન, જન્મદિવસ નિમિત્તે માતાજીને ભેટ, ૧૫૦૩

૫૦૦ ધીરેન્દ્રભાઈ એસ. ઠાકર, સ્વ. ગીતાબેન ધીરેન્દ્રભાઈ ઠાકરના સ્મરણાર્થે, ૧૫૦૪

૧૦૦ જયશ્રીબેન કિરીટભાઈ ઉપાધ્યાય, ૧૫૦૫

૧૦૦ દર્શ નિશાંત આચાર્ય, ૧૫૦૬

૧૦૦ વેદિકા અમીત આચાર્ય, ૧૫૦૭

૧૦૦ હર્ષદરાય પ્રતાપરાય દીક્ષિત, ૧૫૦૮

૧૦૦ ઉદયભાઈ જગદીશભાઈ દીક્ષિત, ૧૫૦૯

૫૦૦ નિલેશભાઈ રવિશંકર મહેતા, છલાળા, ચિ. પ્રતિકના લગ્નપ્રસંગે માતાજીને ભેટ, ૧૫૧૦

## સાડી તથા ભેટની યાદી

૧૫ કિલો ઘી પ્રતિભાબેન નિરંજનભાઈ મહેતા, અમદાવાદ, માતાજીના અખંડ દિવા માટે ભેટ, ૪૮૯૨

મેટલ દીવી પૂર્ણિમાબેન ઉપેન્દ્રભાઈ અધ્વર્યુ, અમદાવાદ, ૪૮૯૩

૧ કિલો ઘી માધુરી ભરતભાઈ અધ્વર્યુ, અમદાવાદ, અખંડ દિવા માટે, ૪૮૯૪

શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ



SAI FINANCIAL SERVICES

SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.

SHREE SAIRAM INVESTMART PVT. LTD.

401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.

Phone : (O) 079-40025207 (M) 98250 24877



## તિથિદાન

**ચૈત્ર સુદ ૧૪ થી વૈશાખ સુદ ૧૩ (તા. ૧૧-૦૪-૨૦૨૫ થી ૧૦-૦૫-૨૦૨૫) સુધી**

સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન

ચૈત્ર સુદ ૧૪
નંદનબેન રવિશંકર દિક્ષીત
ચંદ્રભાગાબેન મગનલાલ વ્યાસ
અંબાશંકર કેશવલાલ ભટ્ટ
કોકિલાબેન વિષ્ણુપ્રસાદ ભટ્ટ
રંજનબેન ત્રંબકલાલ આચાર્ય
કુલદીપભાઈ મહેન્દ્રભાઈ ઠાકર
જશુમતીબેન વૃજલાલ વ્યાસ

ચૈત્ર સુદ ૧૫ (હનુમાન જયંતિ)
હરગોવિંદદાસ ગરબડદાસ અધ્વર્યુ
નંદુબેન રામશંકર વ્યાસ
મધુબેન હર્ષદરાય આચાર્ય
નિરંજનાબેન કમલેશભાઈ ઉપાધ્યાય
માણેકલાલ મથુરદાસ પંડ્યા
મહેશભાઈ ત્રિકમલાલ ભટ્ટ
મુળચંદભાઈ નૌતમલાલ જોષી

ચૈત્ર વદ ૧
કૃષ્ણદેવ વાસુદેવભાઈ આચાર્ય
રૂક્ષ્મણીબેન ઘેલારામ ભટ્ટ
વિજુબેન જેશંકર પંડ્યા
દિનકરરાય જયાશંકર ભટ્ટ
બાલકૃષ્ણ ફુલશંકર ઠાકર

ચૈત્ર વદ ૨
ક્રિપાશંકર અમથારામ જોષી
જ્યોતિબેન ડાહ્યાભાઈ વ્યાસ

ચૈત્ર વદ ૩
વનિતાબેન મનસુખરામ વ્યાસ
જીવીબા દામોદરદાસ અધ્વર્યુ
અમરકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ
અરવિંદભાઈ નર્મદાશંકર દીક્ષિત
જશુબેન રામનારાયણ જોષી

ચૈત્ર વદ ૪
મનસુખલાલ પુરુષોત્તમદાસ ઉપાધ્યાય
સવિતાબેન ભાઈશંકર ઉપાધ્યાય
વસંતીબેન તરૂણચંદ્ર પુરોહિત
કૌશિકભાઈ જયકૃષ્ણ પંડ્યા
ઢેબરભાઈ મગનલાલ વ્યાસ
અમિતભાઈ મહેન્દ્રભાઈ પંડ્યા
જશોદાબેન અમૃતલાલ પંડ્યા

ચૈત્ર વદ ૫
સૂર્યાબેન ગજાનનભાઈ ભટ્ટ
ગુણવંતરાય છોટાલાલ આચાર્ય
દિલીપકુમાર જટાશંકર ઉપાધ્યાય
દિલીપકુમાર ગાયત્રીપ્રસાદ આચાર્ય
ત્રંબકલાલ હરિલાલ આચાર્ય
મિલનભાઈ ગીરીશચંદ્ર આચાર્ય

ચૈત્ર વદ ૬
રામચંદ્ર જીવરામ દિક્ષીત
નર્મદાબેન સોમેશ્વર પંડ્યા
સરયુબાળા નરેન્દ્રભાઈ આચાર્ય
સુરેશચંદ્ર શંકરલાલ આચાર્ય

ચૈત્ર વદ ૭
પરસોત્તમદાસ ઝવેરદાસ અધ્વર્યુ
અમૃતલાલ ગીરજાશંકર પંડ્યા
મનીષભાઈ એમ. પંડ્યા

ચૈત્ર વદ ૮
ઉષાબેન ભાનુશંકર જોશી
અવંતિકાબેન હેમંતભાઈ ભટ્ટ
જમનાશંકર હરીશંકર પાઠક
નીલાબેન હેમાંગકુમાર ભટ્ટ
ઉષાબેન રજનીકાંત પુરોહિત
નલીનીબેન અરવિંદભાઈ ગોર

ચૈત્ર વદ ૯
હીરાગૌરી ડાહ્યાલાલ આચાર્ય
શાંતાબેન નાગરદાસ ભટ્ટ
મુકતાબેન ચિમનલાલ વ્યાસ

ચૈત્ર વદ ૧૦
વસંતભાઈ પ્રભાશંકર જોશી
ચંદ્રકાંત માણેકલાલ ભટ્ટ

ચૈત્ર વદ ૧૧
સરસ્વતીબેન બાલકૃષ્ણ ભટ્ટ
પરમાનંદદાસ ગરબડદાસ અધ્વર્યુ
મણીશંકર ગણપતરામ આચાર્ય
જયેશભાઈ ગોવિંદભાઈ વ્યાસ

ચૈત્ર વદ ૧૨
વાસુદેવપ્રસાદ શિવરામ ઉપાધ્યાય
ગજાનનભાઈ અમૃતલાલ ભટ્ટ
રમેશચંદ્ર અંબાશંકર મહેતા
કૃષ્ણકુમાર પ્રાણશંકર જોશી
સુલોચનાબેન નટવરલાલ આચાર્ય

ચૈત્ર વદ ૧૩
આનંદીબેન રામપ્રસાદ વ્યાસ
બળવંતરાય હરગોવિંદદાસ દિક્ષીત
કાશ્મીરાબેન પ્રકાશભાઈ વ્યાસ
હંસાબેન પ્રફુલચંદ્ર પાઠક
રામકૃષ્ણ જગન્નાથ પુરોહિત
સુમતીબેન ગીરીશચંદ્ર પુરોહિત

ચૈત્ર વદ ૧૪
હરજીવનદાસ મુળજીભાઈ અધ્વર્યુ
સૂર્યાબેન દયાશંકર ઉપાધ્યાય
માલવીકાબેન હરિકૃષ્ણ ભટ્ટ
વિમલભાઈ (બકુલભાઈ) અમૃતલાલ પંડ્યા

મમતાબેન ભાવિનભાઈ ભટ્ટ

<u>ચૈત્ર વદ અમાસ</u>

ડાહ્યાલાલ ગોવિંદરામ મહેતા

હર્ષદરાય જમનાશંકર પાઠક

રવિશંકર મણીશંકર ઉપાધ્યાય

ખુશીબેન ભાવિનભાઈ ભટ્ટ

કૌશિકભાઈ જયકૃષ્ણભાઈ પંડ્યા

<u>વૈશાખ સુદ ૧</u>

હરિલાલ મણીશંકર આચાર્ય

ચંદુભાઈ બાબરભાઈ મહેતા

પ્રફુલ્લભાઈ મૂળશંકર ભટ્ટ

<u>વૈશાખ સુદ ૨</u>

શિવશંકર ગૌરીશંકર ભટ્ટ

<u>વૈશાખ સુદ ૩</u>

પ્રફુલચંદ્ર રેવાશંકર પાઠક

તુષાર વિમલભાઈ ભટ્ટ

<u>વૈશાખ સુદ ૪</u>

લીલાબેન ચંદ્રકાંત મહેતા

સોમનાથભાઈ મથુરદાસ ભટ્ટ

ભાનુબેન રઘુનાથભાઈ વ્યાસ

<u>વૈશાખ સુદ ૫</u>

બાલકૃષ્ણભાઈ પૂજાલાલ પુરોહિત

ઉર્મિલાગૌરી દિનેશચંદ્ર વ્યાસ

મૌલિકભાઈ રાજેન્દ્રભાઈ અધ્વર્યુ

કુમુદબેન પ્રફુલ્લચંદ્ર પુરોહિત

જગન્નાથભાઈ રેવાશંકર ઉપાધ્યાય

<u>વૈશાખ સુદ ૬</u>

નર્મદાશંકર લલ્લુભાઈ આચાર્ય

હેમલતાબેન ભાનુપ્રસાદ શુકલ

શિવશંકર પ્રભાશંકર મહેતા

લક્ષ્મીકાંત (ભાઈલાલભાઈ)

બળદેવદાસ ભટ્ટ

<u>વૈશાખ સુદ ૭</u>

મણીશંકર ભવાનીશંકર ભટ્ટ

ભાર્ગવ હરિકૃષ્ણ દિક્ષીત

<u>વૈશાખ સુદ ૮</u>

ભગવતીબેન રવિશંકર ઉપાધ્યાય

શકુંતલાબેન નિરંજનભાઈ ગોર

શંકરલાલ મોહનલાલ ઉપાધ્યાય

<u>વૈશાખ સુદ ૯</u>

નર્મદાશંકર ભોગીલાલ મહેતા

રવિશંકર ગંગારામ ભટ્ટ

<u>વૈશાખ સુદ ૧૦</u>

મુગુટલાલ હરિલાલ પંડિત

બાલકૃષ્ણ મોહનલાલ ઉપાધ્યાય

ગીરીશભાઈ શંકરલાલ આચાર્ય

હંસાબેન સતિષભાઈ મોરજરીયા

મહેન્દ્રકુમાર દેવશંકર ભટ્ટ

હિતેશભાઈ શાંતિલાલ શેઠ

ઈન્દુમતીબેન કુલીનચંદ્ર જોષી

ઈન્દીરાબેન જગદીશચંદ્ર ઉપાધ્યાય

<u>વૈશાખ સુદ ૧૧</u>

ગોવિંદલાલ અમૃતલાલ વ્યાસ

અલકાબેન રમેશચંદ્ર વૈદ્ય

અનામ ડેનીસ શેઠ

રતિલાલ જગજીવનદાસ મહેતા

દીપકભાઈ ગીરજાશંકર દિક્ષીત

<u>વૈશાખ સુદ ૧૨</u>

કુંવરબેન ધનેશ્વર મહેતા

સુધીરકુમાર વિનુભાઈ ભટ્ટ

<u>વૈશાખ સુદ ૧૩</u>

બાલકૃષ્ણ ઉમિયાશંકર આચાર્ય

ડાહીબેન દેવશંકર પંડ્યા

તુષાર વિમલભાઈ ભટ્ટ

<u>જન્મજયંતિ</u>

ચૈત્ર વદ ૫ : ચંદ્રકાંતભાઈ નર્મદાશંકર આચાર્ય

<u>લગ્નદિવસની શુભેચ્છા</u>

૬/૫ : હંસાબેન તથા નટવરલાલ ત્રિભોવનદાસ પુરોહિત

૯/૫ : પિયુષભાઈ જ. દીક્ષિત - શ્રદ્ધાબેન પિયુષભાઈ દીક્ષિત

૯/૫ : રાજેન્દ્ર જ. દીક્ષિત - રીટાબેન રાજેન્દ્ર દીક્ષિત

**: ખાસ નોંધ :** તિથિમાં સુધારા વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી વિરેન્દ્ર આચાર્યનો વોટ્સએપ નં. 9979890059 પર સંપર્ક કરવા વિનંતી.

ડૉ. ધૈર્ય બી. ભટ્ટ (M) 7383245526

**માતૃ ક્લિનીક**
૨૪, સહજ રેસીડેન્સી,
નિકોલ લેક ગાર્ડન પાસે,
નિકોલ,અમદાવાદ

**આરોગ્યમ્ હોસ્પિટલ**
મેડીકલ । સર્જીકલ । ઓર્થોપેડીક
બી-૬, શિવદર્શન સોસાયટી, મનમોહન
ચાર રસ્તા પાસે, ઓઢવ-નિકોલ રોડ, ઓઢવ


**રુદ્રાય હોસ્પિટલ**
મેડીકલ । આઈસીયુ । સર્જીકલ । ડેન્ટલ
છઠ્ઠો માળ, હીલ ટાઉન લેન્ડમાર્ક,
દાસ ખમણની સામે, સાનિધ્યપાર્ક પાસે
નિકોલ-નરોડા રોડ, નિકોલ




## રામનવમી - હનુમાન જયંતિ રંગપૂરણી

અત્રે આપેલ ચિત્રમાં રંગ પૂરી બાળકના નામ તેમજ ગામ/શહેર ના નામ સાથે ફોટો પાડી તંત્રી કીર્તન દીક્ષિતના વોટ્સએપ નંબર ૯૬૬૨૯૫૭૦૨૭ ઉપર તા. ૨૦/૦૪/૨૦૨૫ સુધી મોકલી આપવા વિનંતી. ઉત્કૃષ્ઠ રંગ પૂરેલ બાળકોના નામ તેમજ ચિત્રોને ઓનલાઈન વાલમ વર્તમાન ગ્રુપમાં જાહેર કરી આગામી અંકમાં સમાવેશ કરવામાં આવશે.

નામ ................................................
સરનામું ............................................
.........................................................
ઉંમર ............... અભ્યાસ ........................
વાલીનો મો. નં. ......................................



R.N.I. NO. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid up to 31-12-2026
Permitted to post at Ahmedabad PSO on 5th of every month

## હાંરે તમે બજરંગ છો બળવંતા....

(રાગ : કોઈનો ભાર ન રાખે મુરારી, આવે વ્યાજ સહિત વનમાળી)



હાંરે તમે બજરંગ છો બળવંતા,વંદુ પવન સુત હનુમંતા
હાંરે તમે અંજની કેરા જાયા
હાંરે તમે સૂર્ય પકડવાને ધાયા
હાંરે તમે જગે વગાડ્યા ડંકા, વંદુ પવન સુત હનુમંતા
હાંરે તમે નૈષ્ટિક છો બ્રહ્મચારી
હાંરે ગદા કચ્છને લંગોટ ધારી
હાંરે તમે બળમાં છો બળવંતા,વંદુ પવન સુત હનુમંતા
હાંરે તમે વજ્રની કાયા કીધી
હાંરે સીતા મૈયાની શોધ જ કીધી
હાંરે તમે બાળી દીધી છે લંકા, વંદુ પવન સુત હનુમંતા
હાંરે તમે વીર તણા મહાવીર
હાંરે તમ સ્વામી શ્રી રઘુવીર
હાંરે તમે સંત તણા છો સંતા, વંદુ પવન સુત હનુમંતા
હાંરે માળા આંકડાની હું ધરાવું
હાંરે તેલ, સિંદુર તો હું ચઢાવું
હાંરે તમે **"પુનિત"**ના ભગવંતા, વંદુ પવન સુત હનુમંતા

## વાલમ વર્તમાનમાં મેટરના દર

| | | | |
|---|---|---|---|
| શ્રધ્ધાંજલિ (૧/૨ પાનું) | રૂા. ૭૫૦/- | અન્ય મેટર ૧ પાનાના | રૂા. ૨૦૦૦/- |
| શ્રધ્ધાંજલિ (૧ પાનું) | રૂા. ૧૫૦૦/- | (વધુમાં વધુ બે પાનાની મર્યાદામાં) | |
| અન્ય મેટર (૧/૮ પાનું) | રૂા. ૩૦૦/- | પટ્ટી જાહેરાત - ૧ ૨ અંકના | રૂા. ૩૦૦૦/- |

Printed and Published by **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA** on behalf of **VALAM BRAHMAN MAHA MANDAL**
and Printed at **First Icon Printers**, 413/8, Alka Shopping Centre, Shah-e-Alam Tolnaka, Ahmedabad-380028
and Published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad-380007.
Editor: **JAYPRAKASHA BHANUPRASAD SHUKLA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈ પણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી